તથા અતિથિ વિશેષ તરીકે **મા. શ્રી વિનોદભાઇ ગૌર** (ગુજરાતી ફિલ્મી કલાકાર, ગઝલકાર, લેખક) મા. **શ્રી લાલસિંહ વસાવા** (સાહિત્યકાર કવિ), **મા. શ્રી કુલદિપસિંહ રણા** (આર્ટીસ્ટ), **મા. શ્રી તોરણસિંહ** (હિન્દી, ગુજરાતી ફિલ્મી કલાકાર, હરિયાણા), **મા. શ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ** (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ) વગેરે ઉપસ્થિત રહયા.

**૧. બાળવિવાહ-દિગદર્શક અરવિંદભાઇ પરમાર. ૨. ખુશિયાં દો ખુશિયાં લો-અરવિંદભાઇ પરમાર. ૩. દાંત દુઃખે છે - લેખક : ડો. મહિપતસિંહ રાઉલજી. ૪. મરુભૂમિ-ડો. મહિપતસિંહ રાઉલજી. ૫. સંસ્સાર એક સપનું- ડો. મહિપતસિંહ રાઉલજી. ૬. બલિદાન- અરવિંદભાઇ પરમાર. ૭. એમીડી- ડો. મહિપતસિંહ રાઉલજી. ૮. બેટી સમાજ કી શાન- અરવિંદભાઇ પરમાર. ૯. ઠોઠ નિશાળિયા- લેખકઃ બી.આઇ. પ્રજાપતિ. ૧૦. ઢેનટણનનન-ડો. મહિપતસિંહ રાઉલજી. ૧૧. ટોટલ ધમાલ- અરવિંદભાઇ પરમાર. ૧૨. ખબરદાર-લેખક : ડો. બી. આઇ. પ્રજાપતિ.**

આ નાટકો શાળાના ડાયરેકટર અને પ્રિન્સીપાલ **ડો. બી. આઇ. પ્રજાપતિ**ના માર્ગદર્શન હેઠળ કન્વીનર શ્રી અરવિંદભાઇ પરમાર અને શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓના સહકાર થકી સુંદર કાર્યક્રમ યોજાયો











**૨૩/૪/૨૨** <u>ગણિત વિષયનો વર્કશોપ સેમિનાર:</u> ધો- ૫ થી ૯ ના ગુ.મા. અને અં.મા. નાં વિદ્યાર્થીઓને સૌથી વધુ અઘરા લાગતા ગણિત વિષયને સરળ બનાવવા અને ગણિતના બેઝિક ખ્યાલો ડેવલોપ થાય તે માટે વિશિષ્ટ વર્કશોપ નારાયણ બાપુના આશ્રમ પર યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી વિરલભાઇ મિસ્ત્રી** ( તજજ્ઞશ્રી ગણિત, વિજ્ઞાન ઉદેલ હાઇ. જિ. આણંદ) ઉપસ્થિત રહયા **જેમાં પેપર કટીંગ, ચાર્ટ દ્વારા રમતગમતથી ગણિતની સંકલ્પનાઓ દ્દઢ કરાવી. જેમકે, પેપરમાંથી સમઘન બનાવવા, પેપર ફોલ્ડીંગમાંથી સંખ્યાનો વર્ગ કરવો, સ્ટ્રેની મદદથી વિવિધ રચનાત્મક કારીગરી, અનોખી ટેક્નીકની મદદથી કોઇપણ સંખ્યાનો ઘડિયો બનાવવો, ઘડિયાની મદદથી ૧ થી ૧૦૦ સુધીની અવિભાજય અને વિભાજય સંખ્યાઓ છૂટી પાડવી વગેરે દ્વારા ગણિત વિષયની પાયાની બાબતોને સરળતાથી ગમ્મત કરતાં કરતાં સરળ રીતે શીખવાડી.**

**૭/૫/૨૨** <u>વિષ્ણુયાગઃ</u> શાળા પરિવારનાં તમામ શિક્ષકો, કર્મચારીઓ, શાળા સંકુલ સાથે જોડાયેલા દરેક વ્યકિત પોઝીટીવ ઊર્જાવાળા અને આધ્યાત્મિક રીતે મજબૂત બને તથા માનસિક રીતે સ્વસ્થ રહે એ હેતુસર વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ કુંડી યજ્ઞમાં આચાર્યશ્રી અને શિક્ષકો તેમજ તમામ કર્મચારીગણ યજ્ઞમાં બેઠાં હતાં. યજ્ઞના મુખ્ય પૂજારી તરીકે **પિયુષભાઇ પુરોહિત** તેમજ તેમનું સહાયક ગૃપ હતું. વર્ષનાં અંતિમ દિને વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર શિક્ષિકા બહેન **કાશ્મીરાબેન પટેલ** ( ગુ.મા. ) નું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.







**૯/૫/૨૨ થી ૧૩/૫/૨૨** **સમર કેમ્પ:** શાળાનાં બાળકો વિવિધ ક્ષેત્રોમાં પોતાનું કૌશલ્ય કેળવી શકે, વેકેશનના સમયનો સદઉપયોગ કરે એ હેતુથી શાળામાં ૫ દિવસ સમરકેમ્પ યોજાયો જેમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞોએ સેવા આપી આ કાર્યક્રમમાં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં મુખ્ય મહેમાન તરીકે - રાધાકૃષ્ણ ટી.વી. સીરીયલના કોરીયોગ્રાફર ભાગ્યચક્ર ગુજરાતી ફિલ્મના અભિનેતા શ્રી **એલેક્ષબાપુ** (તજજ્ઞ, અભિનય, નૃત્ય) -વિવિધ વેબસિરિઝ તથા ગુજરાતી હિન્દી ફિલ્મોમાં કાર્યરત તથા હાલની નાયિકાદેવી અને ગુજરાતથી ગોવા ફિલ્મના અભિનેતા **ડૉ. શ્રી વિનોદભાઇ ગોર**-નેશનલ આર્ટીસ્ટ શ્રી **કુલદીપસિંહ રણા** (તજજ્ઞ, પેઇન્ટીંગ, વક્તૃત્વકલા રંગોળી) -ચેસના ઇન્ટરનેશનલ સ્પોર્ટસ પ્લેયર **શ્રી રોહિતભાઇ** હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન **ડૉ. ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ અરવિંદભાઇ પરમાર, વિદ્યાબેન રાણા અને એલ. ડી. ભારદ્વાજે** કર્યુ હતું. શાળાના શિક્ષકો શૈલેન્દ્રસિંહ ગોહેલ, શીતલબેન વાઘેલા,રજનીબેન પટેલ, ભકિતબેન ફરસરામ, અરવિંદભાઇ, એલ.ડી. ભારદ્વાજ, વિદ્યાબેન, નયનાબેન પટેલ, પૂર્વાબેન પ્રજાપતિ તેમજ કરાટેમાં દેવમ જાનીએ તજજ્ઞ તરીકે વિશિષ્ટ સેવા આપી હતી.









**૨૭/૫/૨૨** કોવિડ રસીકરણ માટે કેમ્પનો પ્રથમ અને થર્ડ ડોઝ યોજાયો.

**૨૧/૬/૨૨** **વિશ્વ યોગા દિનની ઉજવણી : નારાયણ વિદ્યાલય તથા ભરૂચ નગર પાલિકાના સંયુકત ઉપક્રમે** વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી. માતરિયા તળાવના ઉપવનમાં શાળાના ૭૦૦ બાળકો તથા શિક્ષકશ્રીઓ તથા ભરૂચ શહેરના વિવિધ મહાનુભવો અને નગર વાસીઓએ તેમજ RSS ના તથા હોમગાર્ડના યુનિટના સભ્યોએ ઉપસ્થિત રહી વિવિધ યોગાસનો તથા પ્રાણાયામ દ્વારા વિશ્વ યોગ દિનની શાનદાર રીતે ઉજવણી કરી. શાળાના શિક્ષિકાબેન **શીલાબેન કરમોકર** તથા વિદ્યાર્થીની **તાશી સુનિલભાઇ રાણા** એ યોગાસનોની વિવિધ મુદ્રાઓ દ્વારા બાળકોને યોગનું નિદર્શન કરાવ્યું હતું.મન, શરીર અને આત્માના સંકલન અને શ્રેષ્ઠત્વ સાકાર કરવાની સંભાવના, યોગ દ્વારા મનની શકિતના અદ્ભુત વિકાસ સાથે તનમાં સ્ફૂર્તિનો સંચાર કેવી રીતે શકય બને છે તે અંગે સચોટ માર્ગદર્શન બાળકોને આપી ભારતની પુરાતન સંસ્કૃતિની ધરોહર બાળકો સાચવે અને સંવર્ધન કરે તેવા આશય હેઠળ આ કાર્યક્રમનું આયોજન ભારત સરકારના આયુષ મંત્રાલય થકી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના ચીફ ઓફીસર **શ્રી દશરથ સિંહ ગોહીલ,** કારોબારી સમિતીના સ્ટેન્ડીગ કમીટીના ચેરમેન **શ્રી નરેશચંદ્ર સુથારવાલા**, દંડક **શ્રી ભાવિનભાઇ પટેલ**, સીટી એન્જીનિયર **શ્રી સલીમભાઇ**, સોપ ઇન્સ્પેકટર **શ્રી કમલેશભાઇ ગોસ્વામી** વગેરે નગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહયા. મા. વડાપ્રધાન**શ્રી નરેન્દ્રભાઇ મોદી**, ગુજરાતના મા.શ્રી મુખ્યમં **શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ** તથા અનેક રાષ્ટ્રીય મહાનુભવોના પ્રેરણાત્મક વાર્તાલાપ થકી બાળકોને યોગની રજૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષકશ્રી ચીમનભાઇ પરમાર તથા શૈલેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું.

**૨૩/૬/૨૨** **ડૉ.શ્યામકૃષ્ણ પ્રસાદ મૂખર્જી પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ :** નગરપાલિકા દ્વારા શાળામાં યોજવામાં આવ્યો જેમા કારોબારી ચેરમેન **મા.શ્રી. નરેશભાઇ સુથારવાલા**, મા.**શ્રી. ભાવિનભાઇ પટેલ** વોર્ડના સભ્ય પધારેલ હતા. સાથે શાળાના હેડ કલાર્કશ્રી હસમુખભાઇ સુતરીયા તથા સુપરવાઇઝર **જિજ્ઞેશભાઇ** તેમજ શિક્ષક હાજર રહ્યા હતા.



